ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર દ્વારા અમલિત બેન્કેબલ યોજનાઓમાં 'ખાસ કેન્દ્રીય સહાય' અંતર્ગત મળતી સબસીડી મેળવવા માટે વાર્ષિક આવક મર્યાદામાં વધારો કરવા બાબત.....

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:- અવક/૧૦૯૮/૨૦૪૧/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:-08/03/2019

<u>વંચાણમાં લીધા:-</u>

૧) ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરનો તા:૧૭/૦૭/૨૦૧૮નો પત્ર ક્રમાંક:અવિકો/યોજના/૨૦૧૮-૧૯/૨૪૧૯.

૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા:૨૮/૧૨/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક:અવક/૧૦૯૮/૨૦૪૧/જ

3) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા:૨૪/૧૦/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક:સશપ/૧૦૨૦૧૪/૪૩૮/અ.૧.

<u>આમુખ:-</u>

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ દ્વારા રાજ્યના અનુસુચિત જાતિના ઉદ્યોગ સાહસિકોને બેન્કો દ્વારા બેન્કેબલ યોજના અંતર્ગત ધિરાણ આપવામાં આવે છે. આ યોજનાઓમાં નિગમ દ્વારા કેન્દ્ર સરકાર દ્વારા પુરી પડાતી 'ખાસ કેન્દ્રીય સહાય' અંતર્ગત લાભાર્થીઓને સબસીડી આપવામાં આવે છે. જેમાં વંચાણે લીધેલા ક્રમાંક (૨) ના ઠરાવથી બેન્કેબલ યોજનાનો લાભ લેવા માટે ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૪૭૦૦૦/- કે ઓછી અને શહેરી વિસ્તાર માટે રૂ.૬૮૦૦૦/- કે ઓછી આવક મર્યાદા નક્કી કરવામાં આવેલ હતી. નિગમ દ્વારા અમલિત યોજનાનો લાભ વધારે લાભાર્થીઓ મેળવી શકે તે માટે હાલની આવક મર્યાદામાં વધારો કરવા વંચાણે લીધેલ ક્રમાંક- (૧)ના તા:૧૭/૦૭/૨૦૧૮ના પત્રથી નિગમે અત્રે દરખાસ્ત કરેલ હતી.

<u>ઠરાવ:</u>

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમની ઉકત દરખાસ્ત અંગે પુખ્ત વિચારણાને અંતે નિગમ દ્વારા અમલિત બેન્કેબલ યોજનાઓમાં અનુસૂચિત જાતિના ઉદ્યોગ સાહસિકોને 'ખાસ કેન્દ્રીય સહાય' અંતર્ગત મળતી સબસીડી માટેની હાલની આવક મર્યાદામાં નીચે મુજબનો વધારો કરવાનું આથી ઠરાવવામાં આવે છે:-

| વિસ્તાર | હાલની વાર્ષિક આવક મર્યાદા | નવી વાર્ષિક આવક મર્યાદા |
|---|---|---|
| ગ્રામ્ય | રૂ.૪૭,૦૦૦/- | રૂ.૧,૨૦,૦૦૦/- |
| શહેરી | રૂ.૬૮,૦૦૦/- | રૂ.૧,૫૦,૦૦૦/- |

આ અંગેની યોજનાઓની અન્ય શરતો યથાવત રાખવામાં આવે છે. આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.બી.ઠાકોર)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, ગ-શાખા/અ-૧ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. વિભાગની વેબસાઈટ પર સદર ઠરાવ અપલોડ કરવાની વિનંતી સહ.
- સેક્શન અધિકારીશ્રી, નાણાં વિભાગ (અ-શાખા), સચિવાલય, ગાંધીનગર.
- પસંદગી ફાઇલ.